









વિજયના સરઘસ - મહાનગરપાલિકામાં વિજયી ઉમેદવારોના વિજયી સરઘસો પરિણામ સ્થળોએથી નીકળી પોત-પોતાના વૉર્ડમાં અભિવાદન ઝીલવા નિકળ્યા હતા... સાથી કાર્યકરોનો ઉલ્લાસ અને ઉડાડાતો ગુલાલ એક-મેકમાં ભળ્યા હતા.... (તસવીર : કશ્યપ નિમાવત)

# દિલધડક પરિણામથી શહેરમાં ઉત્તેજના

**પ્રત્યેક વોર્ડના પરિણામ બાદ પણ સતત ઉત્તેજના યથાવત : દિવસ દરમિયાન ક્યાંક પેનલ તુટયાનો અફસોસ તો અપેક્ષિત ઉમેદવારોની હાર ચર્ચામાં : ટાઇ પડતા પરિણામ જાહેર થયા બાદ પણ ઉત્તેજના યથાવત**

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણી પરિણામ જાહેર કરવાની પ્રક્રીયા આજે દિલધડક પુરવાર થઈ હતી. પરિણામ જાહેર થતા શરૂઆતથી અંત સુધી સસ્પેન્સ યથાવત રહેતા સતત ઉત્તેજનાનો માહોલ જોવા મળ્યો હતો. જયારે પરિણામના અંતે ટાઈ પડતા કોઈપણ પક્ષ માટે હારજીતનો મામલો સામાન્ય બની જતા ચુંટણીના પરિણામ આશ્ચર્યજનક નિવડયા હતા. મતગણતરી કેન્દ્ર પર જાહેર થતા એક પછી એક વાર્ડના પરિણામ દરમિયાન કોંગ્રેસ તેમજ ભાજપની બેઠકો સમાંતર રહેતા ભારે રસાકસીનો માહોલ સર્જાયો હતો. ચુંટણી પરિણામ પરથી જાણે પડદો હટતો ન હોવાનો અહેસાસ કરતા ઉમેદવારોના ધબકારા પણ વધી ગયા હતા. જીતનો દાવો કરતા ઉમેદવારો પરિણામ નજર સામે હોવાછતા કાંઇ કહી શકે તેવી સ્થિતિમાં ન હતા.

છેલ્લા એક મહીનાથી મહાનગરપાલિકાની ચુંટણીના પડઘમથી ઘમઘમતા માહોલનો આજે રસાકસી સાથે અંત આવ્યો હતો. જો કે પરિણામ જાહેર થયા બાદ પણ ઉત્તેજના યથાવત રહે તેવી સ્થિતિ સર્જાઇ છે. ત્યારે આજે સે-૧૫ કોલેજમાં ચુંટણી પરિણામ વોર્ડ મુજબ જાહેર થતા ભારે ઉત્તેજના

● અનુસંધાન પાન-૭ પર


## બેસણું



મારા ધર્મપત્ની **વીણાબેન જનકભાઈ શિયાણી** તા. ૨૫/૪/૨૦૧૬ને સોમવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્દગતનું બેસણું તા. ૨૮/૪/૨૦૧૬ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ, સેક્ટર-૭સી, ગાંધીનગર**

લિ.

**જે. જે. શિયાણી** (સભ્ય, જી.પી.એસ.સી.)

રમેશ ટી. જોષી (ભાઈ) — કૃપા કુંજલ પુરોહિત (પુત્રી)
વિનોદ ટી. જોષી (ભાઈ) — રૂપલ ભાવેશ કુછડિયા (પુત્રી)
ભારતી ટી. જોષી (બહેન) — વિવેક જે. શિયાણી (પુત્ર)


# ભાજપની પ્રદેશ નેતાગીરીએ પરિણામોને ગંભીરતાથી લીધા

**પરિણામોની સમીક્ષા કરી મંથન કરી નવી વ્યુહરચના સાથે કાર્યકર્તાઓ થકી પુનઃ વિશ્વાસ પ્રાપ્ત કરવાની કવાયત કરાશે**

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામોને ભાજપની પ્રદેશ નેતાગીરીએ અતિગંભારતાથી લીધા છે અને આ દિશામાં મંથન કરવામાં આવશે તેમ પક્ષના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે.

૨૦૧૦ની ચૂંટણીમાં ભાજેપ ત્રણ બેઠક ઓછી મેળવી હતી પરંતુ કોંગ્રેસ કરતા ત્રણ હજાર મત વધુ મેળવ્યા હતા.

આ વેળાના જંગમાં પક્ષને અનુરૂપ નવી સીમાંકન તૈયાર કરાયું હતું આમ છતાંય છેલ્લા દિવસ સુધી ડેમેજ કંટ્રોલની કામગીરીમાં વ્યસ્ત રહેવું પડ્યું હતું. ઉમેદવારોની પસંદગીને લઈ કાર્યકર્તાઓની નારાજગી પણ ચરમસીમાએ રહી છે.

ભાજપના વિજયી થયેલા ઉમેદવારોની સરખામણીએ કોંગ્રેસના વિજયી ઉમેદવારોએ ૧૧ હજાર મત વધુ મેળવ્યા છે. આ ઉપરાંત ભાજપના પૂર્વ

● અનુસંધાન પાન-૭ પર






## પરિણામના ચમકારા

- શહેરમાં સૌથી વધુ ૨૦૦૦ મતની સરસાઈ વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ મેળવી હતી.
- આ ચૂંટણીમાં ૧૧૦૭ મતદારોએ નોટાનો ઉપયોગ કરી મતદારોને નકાર્યા હતા. જે ટકાવારીમાં જોઈએ તો થયેલા મતદાનના ૧.૪૩ ટકા થાય છે.
- ભાજપ કરતાં કોંગ્રેસને ૬૩૧૨ મત વધુ મળ્યા છે. જે મતદાનની ટકાવારીમાં જોઈએ તો ૪૪ ટકા ભાજપને, ૪૭ ટકા જેટલી થાય છે. ૨.૦૭ ટકા જેટલા મત કોંગ્રેસે વધુ મત મેળવ્યા છે.
- કોંગ્રેસની ત્રણ પેનલો વિજયી બની છે તો ભાજપની એક પેનલ વિજયી બની છે.
- આ ચૂંટણીમાં ગત ચૂંટણી કરતાં ૭ ટકા મતદાન ઓછુ થયું હતું.
- આ ચૂંટણીમાં બન્ને પક્ષના પૂર્વ પ્રમુખોનો પરાજય થયો છે. ભાજપના રૂચિર ભટ્ટ અને કોંગ્રેસના મુકેશ પટેલનો સમાવેશ થાય છે.

## કઈ જ્ઞાતિના કયા પક્ષમાં કોણ કેટલા જીત્યા?

| જ્ઞાતિ | કુલ | ભાજપ | કોંગ્રેસ |
|---|---|---|---|
| પટેલ | ૭ | ૪ | ૩ |
| ક્ષત્રિય | ૪ | ૧ | ૩ |
| બ્રાહ્મણ | ૫ | ૪ | ૧ |
| ઓ.બી.સી. | ૭ | ૩ | ૪ |
| અનુ. જાતિ | ૬ | ૩ | ૩ |
| અનુ. જનજાતિ | ૨ | ૧ | ૧ |
| લઘુમતિ | ૧ | ૦ | ૧ |
| કુલ | ૩૨ | ૧૬ | ૧૬ |


**ટચુકડી જાહેર ખબર**
માત્ર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧



## જાહેર આભાર

વોર્ડ નં. ૮ના તમામ મતદાર ભાઈ-બહેનો, શુભેચ્છકો તથા કોંગ્રેસ પક્ષના કાર્યકરોનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ...

- મુકેશભાઈ કે. પટેલ
- અજીતકુમાર પરમાર
- શારદાબેન ચૌધરી
- પાયલબેન મેણાત

(વોર્ડ નં.૮ના કોંગ્રેસના ઉમેદવારો)







છઠ્ઠી પુણ્યતિથિએ
**સ્મરણાંજલિ...**

હા, હજુ સ્મરણપટ પર
છવાયેલ છે -
તારું નામ અને કામ...

જ્વલંત ઓઝા

ગાંધીનગર સમાચાર પરિવાર


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com